દિમાગ ખુલ્લું રાખજો, પણ ખાલી ન રાખતા
- ડો.ભીમરાવ આંબેડકર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૫૪ | ૪ મે ૨૦૧૨, શુક્રવાર, વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગુડાને જનસુવિધાનાં કામ માટે ૩૧ કરોડની ફાળવણી

ગાંધીનગર, તા. ૩

ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધા માટે મુખ્યમંત્રીએ રૂ. ૩૧ કરોડની ફાળવણી કરી છે. ન્યૂ ગાંધીનગરમાં જનસુવિધાઓના કામોના લોકાર્પણ વિધિ પ્રસંગે મુખ્યમંત્રીએ નવ વિકાસ પામતા આ વિસ્તારમાં આયોજનબદ્ધ કામ થાય તે તરફ ધ્યાન કેન્દ્રીત કરવુ જરૂરી હોવાનું પણ જણાવ્યું હતું. આ તબક્કે તેમણે ગુડા વિસ્તારને અનુલક્ષી માળખાગત સુવિધાના ૧૬૫ કરોડથી વધુ રકમના કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કર્યું હતું.

જનસુવિધાઓનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત સમારોહ પ્રસંગે ઉપસ્થિત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે જી.આર. અને સી.આર. વચ્ચે વણાયેલી નગરની દિનચર્યાની બીબાઢાળ વ્યવસ્થામાં ફેરફાર કરવાનું અપર કામ આરંભ્યું છે. શહેરમાં ઉર્જા અને પ્રવૃત્તકેન્દ્રો ઉભા થયા છે. ત્યારે ગાંધીનગરના વિકાસને ધ્યાને લઈ ગુડા વિસ્તારમાં પણ અયોગ્ય ઢબે વિકાસના પગરણ ન મંડરાય તે બાબત અત્યંત મહત્વની બની રહી છે. ન્યૂ ગાંધીનગરને સુવિધાપૂર્ણ વિસ્તાર તરીકે સુસજ્જ કરવા તે તરફ ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. તેમણે ગાંધીનગરને સોલાર સીટી બનાવવાની વાતનો ઉલ્લેખ કરી આગામી દિવસોમાં ગુડા સહિત ગાંધીનગરનો બેલ્ટ નોલેજ હોરીડોર તરીકે ઓળખાશે તેમ પણ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે શહેરમાં આઈ.આઈ.ટી.ઈ. ચિલ્ડ્રન યુનિવર્સિટી કાર્યરત છે જે વિશ્વકક્ષાએ પણ નથી. જેથી આગામી દિવસોમાં રાજયનું પાટનગર મૂળ જનસંખ્યા કરતા વિદ્યાર્થીવર્ગથી ધમધમતુ જોવા મળશે. આ તબક્કે તેમણે ગુડા વિસ્તારમાં ૧૫.૪૩ કરોડના કામોનું લોકાર્પણ કરવા તકતિનું અનાવરણ કર્યુ હતું. આ સમારોહ દરમિયાન ગુડા વિસ્તારમાં પાણી-ગટરના પ્રોજેકટ સહિત તળાવવિકાસ, આવાસ યોજના, રસ્તા નિર્માણ, સાંસ્કૃતિક કેન્દ્ર, વીજળીકરણ બગીચા નિર્માણ, વેજીટેબલ માર્કેટ સહિતના ૧૬૫ કરોડથી વધુ કામોનો શુભારંભ કરાયો હતો. જ્યારે નિર્મળ ગુજરાત યોજના અન્વયે ગુડા વિસ્તારની ૩૯ ગ્રામ પંચાયતોને સફાઈના સાધનોનું વિતરણ પણ કરાયું હતું. આ તબક્કે

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાને આઈ.એસ.ઓ. પ્રમાણપત્ર

ગુડા વિસ્તારમાં માળખાકીય સુવિધાના કામો ઉપરાંત વિકાસના નવતર અભિગમને ધ્યાને લઈ અનેકવિધ જનસુવિધાના કામો હાથ ધરાયા છે. ન્યૂ ગાંધીનગરમાં ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટ સાથે વિકાસની કામગીરી તેજ બની છે. ત્યારે આજે લોકાર્પણ સમારોહ પ્રસંગે ગુડાના અધ્યક્ષ અશોક ભાવસારને આઈ.એસ.ઓ. પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ તબક્કે મુખ્યમંત્રીએ પણ ગુડાના તંત્રની કામગીરીને બિરદાવી પ્રજાલક્ષી કામોને અનુલક્ષી ગુડાના અધ્યક્ષને પણ અભિનંદન પાઠવ્યા હતા.

## ગુડાનાં ૩૯ ગામોમાં જનસુવિધા અર્થે ૧૬૫ કરોડનાં કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું

## કચરો એકત્રિત કરવા આધુનિક વ્યવસ્થા : ઑનલાઈન ડેટા મળશે

રાજ્યના ૫૦ નગરોમાં ઘનકચરાના નિકાલ વ્યવસ્થાપન અને દુષિત પાણીના શુદ્ધિકરણ કરી તેનો ખેતીવાડી અને ખાતર પાણીમાં ઉપયોગ કરવા રેવન્યુ મોડેલ પ્રોજેટની કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યારે ગુડા વિસ્તારમાં ઘરે ઘરેથી કચરો એકત્ર કરવાની આધુનિક વ્યવસ્થા અમલી બનાવવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. લોકાર્પણ સમારોહ દરમિયાન આ વ્યવસ્થા સંદર્ભે ડેમોસ્ટ્રેશન રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં રહિશોના ઘરે બારકોડ સ્ટીકર લગાવી કચરાના નિકાલ માટેની કામગીરીનું જી.પી.એસ. સીસ્ટમ સાથે ઓનલાઈન મોનીટરીંગ પણ થઈ શકશે.

## સોલાર સિટી કાર્બન ન્યુટ્રીઅલ સિટી બન્યું છે

ગાંધીનગર, તા.૩

સોલાર સીટી તરીકે વિકસી રહેલ ગાંધીનગર આગામી દિવસોમાં કાર્બન ન્યુટ્રીઅલ સીટી બનશે અને નોલેજ કોરીડોર જે રીતે વિકસી રહ્યો છે તે જોતાં તે દેશનું બીજું કાશ બનશે તેમ રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, સોલાર સીટી અંગેની કલ્પના જ્યારે રજૂ કરી ત્યારે તેમની ઠેકડી ઉડાવવામાં આવતી હતી. પરંતુ હવે જ્યારે વાસ્તવિકતા સામે આવીને ઊભી છે ત્યારે તેઓ સંતાતા ફરે છે. ગાંધીનગર એ કાર્બન ન્યુટ્રીઅલ સીટી તરીકે ડેવલપ થઈ રહ્યું છે. આ નગરનું પર્યાવરણ પ્રાણવાયુથી હર્યુ ભર્યુ રહેશે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કાશી એ જ્ઞાન નગરી તરીકે પણ ઓળખાય છે. અહીં સરસ્વતીની ઉપાસનાનું મહત્વ અનેરું છે. આ વેત પણ ભૂલવી જોઈએ નહિ. તેમણે કહ્યું કે ગાંધીનગર શહેર નોલેજ કોરીડોર તરીકે પણ ડેવલપ થઈ રહ્યું છે.

આ નગરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી, ફોરેન્સીક સાયન્ય યુનિવર્સિટી તેમજ રક્ષા શક્તિ યુનિવર્સિટી જેવી વિશિષ્ટ યુનિવર્સિટી પણ વિકસી છે. જે દેશમાં અદ્વિતીય છે. એ વાત ભૂલવી જોઈએ નહિ.









## નૉલેજ કોરીડોર તરીકે વિકસતું ગાંધીનગર વૃદ્ધ નહિ થાય : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૩

સરકારના જી.આર. અને સી.આર.ની વચ્ચે જેની આખી દિનચર્યા સમાઈ જાય એવી ગાંધીનગરની જીવનશૈલીની બીબાંઢાળ વ્યવસ્થામાંથી આ પાટનગરને બહાર કાઢવાનું અઘરૂં કામ આ સરકારે ઉપાડયું છે. કોન્ક્રીટના જંગલની અડાબીડ માળખાની ઈમારતોમાં નગરજીવનની પ્રાણશકિત ધબકતી રાખવા આ સરકારે પ્રયાસો કર્યા છે. શહેરની ગતિશીલતા માટે જનતાની શકિતની ગતિશીલતા હોવી જોઈએ એ દિશામાં પ્રયાસો હાથ ધર્યાની ભૂમિકા તેમણે આપી હતી.

ગાંધીનગરના સરકારી બંધિયાર જીવનમાં જનભાગીદારીથી સુવિચારિત ધોરણે નવા આયામો અપનાવીને સફળ પરિણામો લાવી શકાયા છે. એમ તેમણે ઉમેર્યું હતું.

હવે ગુડાના વિસ્તારોમાં પણ જનસુવિધાના માળખાકીય વિકાસમાંથી પ્રચંડશકિત ધબકશે એની રૂપરેખા આપતાં તેમણે જણાવ્યુ કે ગાંધીનગર સહિત આખો ગુડાનો બેલ્ટ નોલેજ કોરિડોર તરીકે ઓળખ ઉભી કરી રહ્યો છે. દેશ અને દુનિયામાં જે પ્રકારની યુનિવર્સિટીઓ નથી તેવી વિશિષ્ઠ યુનિવર્સિટીઓ બની છે અને યુવાશકિત-વિદ્યાર્થી શકિતથી કાયમ ધબકતી આ રાજધાની કાયમ યુવા રહેશે. કયારેય વૃધ્ધ નહીં થાય આ સરકારની વિકાસની દ્રષ્ટિને સમાજતા અનેકને એક દશકો લાગશે એવો કલ્પનાશીલ ભાવિને ધ્યાનમાં રાખીને સર્વસમાવેશક વિકાસનો માર્ગ લીધો છે એની વિશેષતા દર્શાવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરને દેશની સોલાર સિટીનું ગૌરવ અપાવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. કાર્બન ન્યુટ્રલ સિટી બનનારૂ ગાંધીનગર પર્યાવરણના પ્રાણવાયુથી હર્યું-ભર્યું રહેશે, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

વિભાગના અધિકારીઓ/ કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાા હતા.

## શહેરી વિકાસમંત્રીના ઉચ્ચારણો ગાંધીનગરની પ્રજાનું અપમાન છે : કૉંગ્રેસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે જાહેર સમારંભમાં કોંગ્રેસ પક્ષના આગેવાનો-કાર્યકરો માટે રાજ્યના શહેરી વિકાસમંત્રીએ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ઉતરતી કક્ષાનો ભાષા પ્રયોગનો તિવ્ર પ્રત્યાઘાત આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નિશીત વ્યાસ, મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને શહેર પ્રમુખશ્રી મુકેશ પટેલે સંયુક્ત જણાવ્યું હતું કે ભાજપની સરકારના ૧૦ વર્ષના કુશાસનથી ગાંધીનગરના નાગરીકોએ નજીકથી નિરીક્ષણ કર્યું.

શ્રી નિશીત વ્યાસે ગુજરાતના શહેરી વિકાસ મંત્રીને સીધો પ્રશ્ન પુછતા જણાવ્યું હતું કે ગાંધીનગરના નાગરિકો માટે કોર્પોરેશનનો દરજ્જો ભાજપે કેમ અટકાવ્યો હતો? ગાંધીનગરની લોકશાહી ઢબે ચૂંટાયેલી કોર્પોરેશનની નાગરિકોના પાયાના કામો માટે નાણા ચૂકવવામાં ભાજપ સરકાર કેમ અંતરાયો ઉભા કરે છે? જીપીએમસી એકટ હેઠળ રાજ્ય સરકારે મહાનગરપાલિકાને નાણાંકીય સહાય આપવી બંધારણીય જોગવાઈ છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં કોંગ્રેસ પક્ષને બહુમતિ મળી તે દિવસથી શહેરી વિકાસમંત્રીના પેટમાં તેલ રેડાયું છે. ત્યારે શહેરી વિકાસમંત્રીના બેફામ ઉચ્ચારણે ગાંધીનગરના નાગરીકોનું અપમાન સમાન છે.

કોંગ્રેસ પક્ષના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે શહેરોના સંતુલીત વિકાસ માટે ઐતિહાસિક જવાહરલાલ નેહરૂ અર્બન રીન્યુઅલ મીશન યોજના હેઠળ કરોડો રૂપિયા ગુજરાતના શહેરોને પાયાની સુવિધા માટે ફાળવ્યા છે. બીજી બાજુ ગુજરાતની ભાજપ સરકાર

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં કાળઝાળ ગરમી

## અમદાવાદમાં તીવ્ર ગરમીથી વધુ ૧નું મોત : મૃત્યુ આંક બે : દસ શહેરોમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન : રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૪૨.૩ ડિગ્રી


અમદાવાદ, તા.૩

સમગ્ર રાજયમાં છેલ્લા અઠવાડિયાથી ફરી ગરમીનો પારો દિન પ્રતિદિન ઊંચકાઈ રહ્યો છે જેથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. દરમિયાનમાં ગરમીથી અમદાવાદમાં વધુ એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. આ સાથે અમદાવાદમાં ગરમીથી મૃત્યુ થવાનો આંક બે પર પહોંચી ગયો છે. ગઈ કાલની સરખામણીમાં આજે હવામાન ખાતાની આગાહી પ્રમાણે હજુ આગામી ૪૮ કલાક સુધી સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં હીટ વૅવ જારી રહેશે અને લોકોએ કાળો કેર વર્તાવતી ગરમી સહન કરવી પડશે.

ત્યારે અસહ્ય ગરમીને કારણે ગઈ કાલે રિલીફ રોડ પર આવેલે કુડીયા કુઈ ખાતે એક અજાણ્યા વ્યક્તિનું મોત નિપજ્યું હતુ. આમ છેલ્લા ચાર દિવસમાં ગરમીને કારણે અમદાવામાં બે વ્યક્તિઓના મોત નિપજ્યાં છે. આ ઉપરાંત અચાનક વધેલી ગરમીને કારણે ડિ હાઈડ્રેશન અને લૂ લાગવાના કિસ્સામાં પણ ધરખમ વધારો નોંદાયો છે. ત્યારે બીજી તરફ અસહ્ય ગરમીથી બચવા વધુ પ્રમાણમાં પ્રવાહી લેવાની સલાહ તબીબો આપી રહ્યાં છે.

અમદાવાદ સહીત રાજ્યમાં આજે પણ કાળઝાળ ગરમીનું મોજું યથાવત રહ્યુંહતું. ખાસ કરીને બપોરના સમયે લમણાં શેકી નાંખતી લૂ ફુંકાઈ હતી અને રસ્તા સૂમસામ થઈ ગયા હતા. બપોરે લોકોએ ઘર કે ઓફિસમાંથી બહાર નીકળવાનું ટાળ્યું હતું. રાજ્યના ૧૦ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીથી વધુ નોંધાઈ હતી. રાજ્યમાં સૌથી વધારે ગરમી રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૪૨.૩ ડીગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં તીવ્ર ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. જ્યારે અમદાવાદમાં આકાશ સ્વચ્છ અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૧.૭ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૦ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૦ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૪૦.૩ ડીગ્રી, સુરતમાં ૩૨.૬, ભુજમાં ૩૯.૦, પોરબંદરમાં ૩૨.૮, નલીયા ૩૫.૪, ભાવનગર ૪૧.૬, ગાંધીનગર ૪૧.૨ ડિગ્રી નોંધાયું હતું.




QUANTUM CAREERS

Our Vision, Your Future

COURSE OVERVIEW

- Highly Qualified faculty
- Comprehensive Syllabus
- Full Study Material
- Doubt Clearing Sessions
- One-to-One Guidance
- 6-Month Classes with 4-month teaching and 2-Month Mock Test Schedule
- Weekend and Evening Batch Option available
- Full-length Mock Tests for actual exam preparation

Classes Starting 10th May, 2012

BANK PO | CLERICAL | GCET

Address: B-208, Near Spices and Herbs Restaurant, Swagat Rainforest-2, Gandhinagar
Phone No: 8238908690 (throughout the day), 9723235881 (after 6 PM), 9904520779(after 6 PM), 9173515329 (after 6 PM)

FREE Demo classes from 7th to 9th May, 2012 at 7: 30 PM